# કોરોનાના નિયમો માત્ર પ્રજા માટે જ... રાજકીય પક્ષો માટે નહી...

**ચૂંટણી જીતવાની લ્હાયમાં નિયમોના ધજાગરા કરતા પક્ષો પ્રજાહીત ભૂલી જાય છે એ ચિંતાનો વિષય છે**

હા... કોરોનાના કેસ ઘટ્યા છે, જીવન પૂર્વવત થઈ રહ્યુ છે, અર્થતંત્ર પાટે ચઢી રહ્યુ છે, સમાજમાં ડર ઓછો થઈ રહ્યો છે. આ બધી વાત સાચી છે અને સારી છે. શુભ સંકેતો દસે દિશામાંથી પ્રાપ્ત થઈ રહ્યા છે એ પણ સત્ય છે પરંતુ દુઃખની વાત એ છે કે જે નિયમો, જે કાયદા અમલમાં છે એના અનુપાલનમાં પક્ષપાત છે. પ્રજા માસ્ક અને સોશીયલ ડિસ્ટન્સીંગનું અક્ષરસઃ પાલન કરે એવો સરકારીતંત્ર આગ્રહ રાખે છે અને થાય પણ છે. જો એમાં ચૂક થાય તો દંડ થાય છે અને પ્રજા તે ભરે છે. જ્યારે બીજી બાજુ ચૂંટણીઓ જીતવાની લ્હાયમાં સરકારે ફરમાવેલ કાયદા અને નિયમોનુ રાજકીય પક્ષો પાલન કરતા નથી અને લીરેલીરા ઉડાવે છે.

**સમયસર**

**સરકારને એમ લાગતુ હોય કે હવે કોરોનાનો ભય ઓછો થયો છે તો નિયમો બધાના માટે હળવા કરવા જોઈએ, પક્ષપાતી વલણ ખોટું છે**

કેટલાક સ્થાનોએ રાજકીય પક્ષો છાકટા થઈને કાર્યક્રમોમાં ભાગ લે છે. તો નિયમો માત્ર પ્રજા માટે જ છે, પક્ષનો ખેસ નાંખે એને નિયમ ન નડે..? પક્ષના નેતાઓ સ્ટેજ પર હોય એટલે પોલીસ પાંગળી થાય..? રાજકીય પક્ષો માટે વહીવટીતંત્ર મીંદડી બની જાય છે અને પ્રજા સામે ઘુરકીયા કરે છે..! આમ કેમ ચાલે..?

પ્રજાની માંગણી છે ન્યાય આપો. કાયદા તમે બનાવ્યા છે અને તમારા પક્ષના કાર્યકરો એ કાયદાના લીરેલીરા ઉડાવે એ ક્યાંનો ન્યાય ગણાય. જો એ કાયદાનો અમલ ન કરવાનો હોય તો નિયમો પાછા ખેંચી લો આ તો ‘‘જમવામાં જગલો અને કૂટવામાં ભગલો’’ એવો ઘાટ થાય છે. લગ્ન પ્રસંગમાં સો વ્યક્તિની મંજૂરી, મરણ પ્રસંગમાં વીસ વ્યક્તિની મંજૂરી, પતંગ ઉડાડવામાં માત્ર પરિવાર જ, મિત્રો પણ નહી, મંદિર, મસ્જીદ, ચર્ચમાં સોશિયલ ડિસ્ટન્સીંગ ફરજીયાત, મેળા અને સાંસ્કૃતિક પર્વની ઉજવણી પર કડક પ્રતિબંધ, આ બધા જ નિયમો સાચા છે અને સારા છે પણ એક પક્ષીય છે. સાહેબ... રાજકીય તાયફાઓ માટે કોઈ નિયમો નહી અને નિયમો હોય તો એનુ પાલન ક્યાં અને કોણ કરે છે. છેલ્લા દસ દિવસમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં રાજકીય પક્ષોના કાર્યાલયોના ઉદ્‌ઘાટનો અને સંમેલનોની તસવીરો અખબારોમાં છપાઈ છે. અખબારોના પાનાઓ પર ચાર-ચાર કોલમમાં આક્રોશ વ્યક્ત થયો છે. ગુજરાતી ન્યૂઝ ચેનલોએ બુમ-બરાડા પાડ્યા છે પરંતુ બહેરા તંત્રને નથી સંભળાતુ, નથી દેખાતુ. કોઈ પગલાં લેવાયા નથી. ઉલ્ટાનું સ્થિતપ્રજ્ઞ સ્થિતિમાં સરકાર ચાલી રહી છે.

સરકાર અને શાસક પક્ષ પરથી પ્રજાનો વિશ્વાસ ઉઠી ન જાય કે ઓછો ન થાય તે કાળજી લોકશાહીમાં આવશ્યક નહી, અનિવાર્ય છે. કમનસીબી એ પણ છે કે વિરોધ પક્ષ પાસે વિરોધ કરવા માટે સંખ્યા નથી અને અસરકારક અવાજ નથી ત્યારે શાસક પક્ષની જવાબદારી વધી જાય છે. સરકારનેય ખબર છે અને સમાજનેય ખબર છે કે દિવાળી પરની હળવાશ કેટલી મોંઘી પડી છે. અત્યારે ઉત્તરાયણના પર્વની ઉજવણી હોય કે ચૂંટણીઓની મોસમ હોય નિયમોના ધજાગરા ન ઉડાવીએ તો હાથમાં આવેલી બાજી ગુમાવવાનો સમય ન આવે. કોરોના સામેની લડાઈમાં વિજય હાથવેતમાં છે પણ જો એક મહિનો હજુ વધુ સંયમપૂર્વક નિયમોનું પાલન કરશુ તો ગુજરાતના ઈતિહાસનુ આ સોનેરી પ્રકરણ બની શકે એમ છે.





અંતિમ વિદાય - રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી માધવસિંહ સોલંકીની અંતિમયાત્રા પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયથી નીકળી ત્યારે કાર્યકરો અને પરિવારજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. રાજ્યના વિકાસ અને કલ્યાણની વિવિધ યોજનાઓમાં માધનસિંહ સોલંકીનું યોગદાન અમૂલ્ય રહ્યું છે... પત્રકારત્વ અને સાહિત્ય બંને ક્ષેત્રમાં ખૂબ જ ખંત અને નિષ્ઠાથી કાર્યરત માધવસિંહ સોલંકીના અવસાનથી રાજ્ય ભારે ખોટ અનુભવશે. આજે નીકળેલી અંતિમયાત્રામાં કોંગ્રેસના હોદેદારો અને કાર્યકરો ઉપરાંત ખેડા જિલ્લાના જાહેર જીવનના અગ્રણીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# હવે નગરના સેકટરોના આંતરિક માર્ગો પર સીટી બસ દોડશે

**સેકટરવાસીઓને ઘર આંગણેથી જ બસ સેવા મળશે : શહેરમાં કોઇપણ સ્થળેથી બસમાં બેસી ઇચ્છો ત્યાં ઉતરી જવાશે : ટીકીટ ફકત ૫ રૂપિયા : સે-૧૨ થી ૧૪ થી સે-૨૧ ડિસ્ટ્રિકટ શોપિંગ સેન્ટર સુધીના નવા રૂટ શરૂ થશે : પેથાપુર સરગાસણ, કુડાસણ અને સેકટરોને આવરી લેતા નવા રૂટ પણ શરૂ કરાશે**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં હવે સેકટરોના આંતરિક માર્ગો પર શહેરી બસ સેવા દોડતી થશે સેકટરોના રીંગ રોડ પરથી જ શહેરી બસ સેવાનો નાગરિકોને લાભ મળશે જયારે કોઈપણ સ્થળેથી બસમાં બેસો અને ઉતરી જાવો ટિકીટ ફકત રૂ ૫ જ રહેશે. શહેરના સેકટરો ઉપરાંત સરગાસણ , કુડાસણ ,પેથાપુર સહીતના વિસ્તારમાં પણ શહેરી બસ સેવાને અનુલક્ષી નવા રૂટ ચાલુ કરવામાં આવશે. શહેરમાં પણ સે-૧૨, ૧૩ અને ૧૪ થી સે-૨૧ ડિસ્ટ્રિકટ શોપિંગ સેન્ટરના રૂટનો સમાવેશ કરવામાં આવ્યો છે. નાગરિકોને ઘર આંગણેથી જ બસ સુવિધા મળી રહે તે મુજબ આયોજન કરાયુ છે.

ગાંધીનગરમાં એક સેકટરમાંથી બીજા સેકટરોમાં જવા માટે હાલ પોતાના વાહનનો ઉપયોગ વિશેષ થાય છે.જયારે હાલમાં પણ મહીલાઓ અને સિનિયર સિટીઝન્સે રીક્ષા સહીતના અન્ય વાહનોનો ઉપયોગ કરવો પડે છે. જયારે આ માટે ઘરથી લાંબા અંતર સુધી પગપાળા પીક અપ સ્ટેન્ડ પાસે પણ આવવુ પડે છે. ત્યારે હવે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં સેકટરોના આંતરિક માર્ગો પરથી રહીશોને બસ સુવિધા મળી રહે તે મુજબનુ આયોજન કરાયુ છે. નગરજનોને સસ્તી , સલામત પરિવહન સેવા સરળતાથી ઉપલબ્ધ થાય તે મુજબનુ આયોજન કરાયુ છે. ગાંધીનગરમાં પથિકાશ્રમથી પેથાપુર, સરગાસણ, કુડાસણ અને સેકટરોને આવરી લેતા નવા સ્ટેન્ડ શરૂ કરવામાં આવશે. જયારે શહેરમાં નવા શરૂ થનારા આ રૂટમાં તમામ સેકટરોને આવરી લેવામાં આવશે. જયારે આગામી દિવસોમાં શહેરી વિસ્તાર ઉપરાંત અમદાવાદ તરફ પણ નવા રૂટ શરૂ કરાશે. શહેરી બસ સેવા અન્વયે

● અનુસંધાન પાન-૭ પર

## પેથાપુરના રૂટમાં દર ૨૦ મિનિટે બસ મળશે

પથિકાશ્રમથી પેથાપુર જવા માટે સવારે ૫: ૪૦ થી રાત્રિના ૯:૨૦ સુધી દર ૨૦ મિનિટે બસ સેવા ઉપલબ્ધ થશે. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર પી સી દવેના જણાંવ્યા મુજબ સવારે ૬:૧૦ થી રાત્રિના ૯:૫૦ સુધી દર ૨૦ મિનિટે નાગરિકોને બસ સેવા મળી રહે તે મુજબનુ આયોજન કરાયુ છે.

## ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર ઉપરાંત સરગાસણ, કુડાસણના નવા રૂટોનો પણ સમાવેશ

શહેરી બસ સેવાના નવા રૂટ મુજબ સેકટરોના આંતરિક માર્ગો પરથી બસ સેવા મળી રહેશે જેમાં સે-૭ સે-૨ અને સે-૧ થઈને બસ કુડાસણમાં કંસાર હોટલ સુધી દોડશે. જયારે આ રૂટમાં રક્ષાશકિત સર્કલ, સરદાર ચોક, અને પોદાર સ્કુલના સ્ટોપેજ મળશે જયારે આ જ રૂટમાં બસ પરત ફરશે. આ ઉપરાંત સરગાસણની બસ સે-૩, ૪ અને સે-૫ માં થઈને સ્વાગત ફલેમિંગો સુધી જશે. અને આ જ રૂટમાં પરત થશે. જયારે પથિકાશ્રમથી સે-૨૧માં ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર સુધીના રૂટની બસ પણ વાયા સે-૧૨,૧૩,૧૪ થી આગળ એલ ડી આર પી અને આઈ ટી આઈના રૂટમાં આગળ વધશે. આ રૂટમાં દિવસની ૯ ટ્રીપની શરૂઆત કરાશે સવારે ૬ કલાકથી સાંજે ૭ વાગ્યા સુધી જવા માટે અને સાંજે ૬:૪૦ થી ૮ કલાક સુધી પરત આવવા માટે બસ ઉપલબ્ધ થશે

# જિલ્લામાં ૧૨ વેક્સીનેશન સેન્ટર નિયત કરાયા

**ગાંધીનગર શહેરમાં ૩, ગાંધીનગર તાલુકામાં ૩, માણસા-કલોલ, દહેગામમાં બે-બે સેન્ટર, વેક્સીનેશન સેન્ટર માટે ત્રણ હોસ્પિટલ, એક સામુહિક આરોગ્ય કેન્દ્ર તેમજ ૬ પ્રા.આ. કેન્દ્ર પસંદ કરાયા**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સીનેશન માટેના ૧૨ સેન્ટર નિયત કરી દેવામાં આવ્યા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં નવ અને ગાંધીનગર શહેરમાં ૩ સેન્ટરો નિયત કરવામાં આવ્યા છે. આ વેક્સીનેશન સેન્ટર પર ૧૦૦થી વધુ કર્મચારીઓ જોડાશે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે નવ સેન્ટરો નિયત કરવામાં આવ્યા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૩ અને માણસા, કલોલ, દહેગામના બે-બે સેન્ટરનો સમાવેશ થાય છે. ગાંધીનગર શહેરમાં પણ ૩ સેન્ટર નિયત કરવામાં આવ્યા છે. કોરોના વેક્સીનેશનનો જથ્થો આગામી એકાદ દિવસમાં જિલ્લાકક્ષાએ ઉપલબ્ધ થઈ જશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વેક્સીનેશનના આ કાર્યક્રમમાં શિક્ષણ વિભાગ, મહિલા-બાળ વિકાસ વિભાગ, પોલીસ અને આરોગ્યતંત્રના કર્મયોગીઓ જોડાશે. વેક્સીનેશન સેન્ટર પર ૩ રૂપમાં આ કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. પહેલા રૂપમાં રજીસ્ટ્રેશનની કામગીરી કરવામાં આવશે. બીજા રૂપમાં વેક્સીનેટર દ્વારા વેક્સીન આપવામાં આવશે. જ્યારે ત્રીજા રૂપમાં લાભાર્થીને ૩૦ મિનિટ માટે નિરીક્ષણ હેઠળ રાખવામાં આવશે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે ૧૨ સેન્ટરો પર ફરજ બજાવનાર કર્મચારીઓની નિમણુંકના હુકમો પણ કરી દેવામાં આવ્યા છે. એક વેક્સીન સેન્ટર પર પાંચ વેક્સીન ઓફિસરો નિયુક્ત કરવામાં આવશે. ગાંધીનગર શહેરમાં જે ૩ વેક્સીનેશન સેન્ટર નિયત કરવામાં આવ્યા છે તેમાં સિવિલ હોસ્પિટલ, સે. ૨ નું અર્બન હેલ્થ સેન્ટર અને સે. ૨૯ના અર્બન હેલ્થ સેન્ટરનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં જે નવ સેન્ટર પસંદ કરવામાં આવ્યા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૩ સેન્ટર છે. જેમાં એપોલો હોસ્પિટલ, પ્રાંતિયા અને છાલા સામુહિક આરોગ્ય કેન્દ્રનો સમાવેશ થાય છે. માણસા તાલુકામાં ડીસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલ અને પુંધરા આરોગ્ય કેન્દ્રને પસંદ કરવામાં આવેલ છે. કલોલમાં ડીંગુચા અને મોખાસણ કેન્દ્ર પર તો દહેગામમાં રખિયાલ અને પાલુન્દ્રા સેન્ટરની પસંદગી કરવામાં આવી છે.

# એક વર્ષના અંતે કેપિટલ સ્ટેશન પર આજથી હરિદ્વારની ટ્રેઈન શરૂ થશે

**સ્ટેશનના વિકાસ સહીત હાઇટેક હોટલના નિર્માણનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે ત્યારે ઇન્દોર, ગરીબ રથ, આણંદ અને ભાવનગર સહીતની ટ્રેઇન પણ ઝડપથી શરૂ કરવા માટે મહામંડળની માંગણી**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર છેલ્લા એક વર્ષથી ટ્રેઈન સેવા બંધ છે. જયારે આ વિસ્તારમાં હવે સ્ટેશનના વિકાસ તેમજ ફાઈવ સ્ટાર હોટલના નિર્માણનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે ત્યારે હવે ઝડપથી જરૂરી ટ્રેઈન સેવા શરૂ કરવા માટે પણ શહેર વસાહત મહામંડળ દ્વારા રજુઆત કરવામાં આવી છે. સ્ટેશન પર આજથી અમદાવાદથી હરિદ્વાર જતી ટ્રેઈન વાયા ગાંધીનગર થઈને જશે. અલબત્ત આજથી હરિદ્વાર રૂટની ટ્રેઈન સેવા કેપિટલ સ્ટેશન પરથી યાત્રિકોને ઉપલબ્ધ થશે. આગામી દિવસોમાં ભાવનગર, ઈન્દોર, ગરીબ રથ સહીતની ટ્રેઈન શરૂ કરવા સહીત ખોડીયારથી વાયા કલોલ જતી ટ્રેઈનોને પણ ગાંધીનગર થઈને દોડાવવા માટે રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર કેપિટલ સ્ટેશનના વિકાસનુ કામ પુર્ણ થઈ ગયુ છે. સ્ટેશન વિસ્તાર નવા રૂપરંગમાં જોવા મળી રહ્યુ છે. સ્ટેશન પર છેલ્લા ઘણાં સમયથી ટ્રેઈનની અવરવજર બંધ છે જયારે શહેર વસાહત મહામંડળ દ્વારા સ્ટેશન પર યાત્રિકો માટે ટ્રેઈન સેવા ઝડપથી શરૂ થાય તે માટે પણ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. સ્ટેશન વિસ્તારમાં હાઈટેક હોટલના નિર્માણનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. ત્યારે હવે નાગરિકોને ટ્રેઈનની સેવા મળે તે દિશામાં ઝડપથી આયોજન થાય તે માટે શહેર વસાહત મહામંડળના મયુર વ્યાસ સહીતના પદાધિકારીઓએ રજુઆત કરી છે. હાલ લાંબા સમયના અંતે અમદાવાદથી હરિદ્વાર જતી ટ્રેઈન વાયા ગાંધીનગર થઈને દોડાવવાનો નિર્ણય લેવાયો છે. તા ૧૧ જાન્યુઆરીથી કેપિટલ સ્ટેશન પર લાંબા સમય બાદ આ ટ્રેઈન આવશે. કેપિટલ સ્ટેશન પર હવે હરિદ્વારના રૂટની ટ્રેઈન સેવા મળશે. જેના લીધે રેલયાત્રિકોને પણ હાંશકારો થયો છે. આ તબક્કે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાંવ્યા મુજબ અમદાવાદ થી હરિદ્વાર રૂટની ટ્રેઈન વાયા ગાંધીનગર થઈને દોડશે જયારે તા ૧૧ થી આ ટ્રેઈન વાયા ગાંધીનગર થઈને હરિદ્વારથી આગળ રૂષિકેશ જશે. છેલ્લા એક વર્ષથી કેપિટલ સ્ટેશન બિનઉપયોગી હાલતમાં છે. કોઈ ટ્રેઈનની અવરજવર નથી જયારે હવે સ્ટેશન વિસ્તારમાં ફાઈવ સ્ટાર હોટલના નિર્માણનુ કામ પણ પુર્ણ થઈ ગયુ છે. આમછતા ટ્રેઈન સેવા શરૂ કરવા માટે કલિયરન્સ આપવામાં આવતુ નથી મહામંડળ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકા પંચાયતની આજે અંદાજપત્ર બેઠક યોજાશે

**દિવંગત પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીને શ્રધ્ધાંજલિ આપવામાં આવશે : પુરાંતવાળુ બજેટ રજુ કરાશે : આવકમાં ઘટાડો થતાં કરકસર કરી વિકાસને આગળ ધપાવવામાં પાછીપાની નહિ કરાય**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે બજેટ બેઠક મળશે. આવકમાં ઘટાડો થવા છતાં પૂરાંતવાળુ બજેટ રજુ કરવામાં આવશે તેવા સંકેતો સત્તાધારી પક્ષમાંથી મળી રહ્યા છે.

ગોપાળજી ઠાકોરના અધ્યક્ષપદે મળનારી આ બજેટ બેઠકના આરંભમાં દિવગંત પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીને શ્રધ્ધાંજલિ આપતો શોક પ્રસ્તાવ રજુ કરવામાં આવશે અને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અપાશે.

જિલ્લાના ૧૯ જેટલા ગામો શહેરી વિસ્તારમાં ભેળવી દેવામાં આવતાં પંચાયતની આવકના સાધનો સ્ટેમ્પ ડ્યુટી અને અન્યમાં ધરખમ ઘટાડો થતાં કરકસરના પગલાં ભરીને પણ બજેટ પુરાંતવાળુ રજુ કરવામાં આવશે. મળતા નિર્દેશો મુજબ અંદાજે દોઢથી બે કરોડની પુરાંત દર્શાવવામાં આવશે.

તાલુકા પંચાયતની આવક નવ કરોડ જેટલી અંદાજવામાં આવી છે. આ બજેટમાં કેટલીક મહત્વની જોગવાઈઓ પણ વિશેષરૂપમાં કરવામાં આવશે તેવા સંકેતો પણ સત્તાધારી પક્ષના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

તાલુકાનો વિકાસ સંતુલિત રહે અને સૌના સહયોગથી વિકાસકૂચને નિરંતર જાળવી રાખવાનો પ્રયાસ બજેટમાં કરવામાં આવ્યો હોવાનું તા.પં.ના પ્રમુખ ગોપાળજી ઠાકોર, કારોબારી ચેરમેન વનીતાબેન સોલંકીએ જણાવ્યુ છે.

ગાંધીનગર તાલુકાના ગામો ભેળવવાના નિર્ણયને પગલે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં નવા ૧૫ કેસ નોંધાયા ૨૪ દર્દીને ડિસ્ચાર્જ અપાયુ

**ગાંધીનગરમાં ૬, કલોલમાં ૨ અને માણસામાં ૧ મળી નવ કેસ નોંધાયા, સે. ૩ માં બે ઉપરાંત ૨૨, ૨૫, ૧૨ અને ૪ માંથી પણ કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોનો ઘટાડાનો ટ્રેન્ડ ચાલુ રહ્યો છે જો કે કેસોની સંખ્યામાં ચડાવ-ઉતાર થતો હોવાથી તંત્ર હજુ ચિંતાતુર જોવા મળે છે. જિલ્લામાં આજે કોરોનાના વધુ ૧૫ કેસ નોંધાયા છે જેમાં ગ્રામ્ય વિસ્તારના ૯ અને શહેરના ૬ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાનો ખોફ ઓછો થવાનુ નામ લેતો નથી. આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૯ કેસમાંથી ૬ કેસ ગાંધીનગર તાલુકામાંથી નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાં આજે ઝુંડાલ ગામેથી ૩ કેસ મળી આવવા ઉપરાંત વાવોલ, સુઘડ, સરગાસણમાંથી કેસો મળી આવેલ છે.

કલોલ તાલુકાના પાનસર ગામેથી પણ આજે બે કેસ મળી આવેલ છે. માણસા તાલુકામાં ચરાડા ગામેથી ૮૦ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૮૨૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૭૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જયારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૨૬૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

શહેરમાં આજે સતત બીજે દિવસે પણ કોરોનાના ૬ કેસ મળી આવ્યા છે. કેસોની સંખ્યા ઘટતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ઈન્ટર્ન ડૉક્ટર, અમદાવાદ ડીસ્ટ્રીકટ બેંકની અંબાપુર-અડાલજના બ્રાન્ચ મેનેજર, બરોડા ગ્રામીણ બેંકની કલોલ શાખાના નાયબ મેનેજર, ખેડૂતનો સમાવેશ થાય છે.

આજે સે. ૨૫, ૨૨, ૧૨, ૪ ઉપરાંત સે. ૩ માંથી બે કેસ મળી આવેલ છે. આજે સંક્રમિત થનારાઓમાં બે મહિલા દર્દી છે. એક દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી આજે વધુ ૧૪ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૯૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જેમાં ૮૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# બસસ્ટેન્ડ બનાવવાની કામગીરીમાં એક્ટનું મનધડંત અર્થઘટન કરાયુ છે : પિન્કીબેન

**કેગને ફરિયાદ કરતાં તાત્કાલિક તપાસ કરવા માટે વિસ્તૃત વિગતો સાથે પત્ર લખ્યો**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની મંજૂરી વગર બસસ્ટેન્ડનું કામ આપી ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો હોવાની ફરિયાદ કેગમાં કોંગીના કાઉન્સીલર પિન્કીબેન પટેલે કરી છે.

કોન્મ્પ્રોલર ઓડિટર જનરલને ઉદ્દેશીને બે પાનાનો વિસ્તૃત વિગતો સાથે પત્ર લખી આ કિસ્સામાં આપની કક્ષાએ તપાસ કરવામાં આવે તેવી ફરિયાદ પણ કરવામાં આવી છે.

આ પત્રમાં તેમણે કામનું ચુકવણુ ન કરવામાં આવે તેમજ તમામ બાબતની તપાસ કર્યા બાદ ચૂકવણીની પ્રક્રિયા હાથ ધરાય તેવી રજુઆત કરતાં શ્રીમતિ પટેલ જી.પી.એમ.સી. એક્ટની જોગવાઈઓનો કેવી રીતે ભંગ થયો છે તેની જાણકારી આપી છે.

બજેટમાં જોગવાઈ ન હોવા છતાંય જીપીએમસી એક્ટની જોગવાઈઓના મનધડંત અર્થઘટનો થકી ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યાનો આક્ષેપ કરી પ્રજાના પૈસાનો દુરૂપયોગ અટકાવવા આ પત્રમાં માંગ કરવામાં આવી છે. જે રીતે કાયદાકીય અર્થઘટનો કરી આ કામગીરી કરાઈ છે તેના નાણાં મેયર અને કમિશનર પાસેથી વસુલ લેવામાં આવે તેવી વાત પણ તેમણે આ પત્રમાં કરી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com